# શિયાળો જામતાં બજારોમાં શાકભાજીની અઢળક આવક

**લીલી ભાજીથી લઈને મૂળા, ગાજર, બીટ જેવા કંદમૂળની ભરપૂર આવક : લગભગ દરેક શાકભાજી ૪૦ થી ૫૦ રૂ. કિલોના ભાવે મળતુ થતાં ગૃહિણીઓ રાજીની રેડ**



ગાંધીનગર, તા. ૧૦

અસહ્ય મોંઘવારીની વચ્ચે ગૃહિણીઓને થોડીક રાહત મળી છે. શિયાળો જામવા સાથે જ બજારોમાં શાકભાજીની અઢળક વેરાયટી જોવા મળી રહી છે. વળી શાકભાજીના ભાવ પણ નીચા જતાં થાળીમાં રોનક જોવા મળી રહી છે.

શિયાળો જામે એટલે શાકભાજીની આવક વધે અને ગૃહિણીઓ ખુશખુશાલ બની જાય છે.

છેલ્લા કેટલાક દિવસોથી શાકમાર્કેટમાં શાકભાજીની અઢળક આવક થઈ રહી છે. લીલી ભાજીમાં અઢળક વેરાયટી જોવા મળી રહી છે. મેથીની ભાજી, પાલક, કોથમીર, બીટની ભાજી, ચીલની ભાજી, તાંદળજો જેવી ભાજી મળતાં ગૃહિણીઓ નીતનવા શાક બનાવી રહી છે. અરે કંદમૂળ કહેવાય તેવા પટાકા, શક્કરીયા, ગાજર, બીટ, મૂળાની આવક વધતાં ગૃહિણીઓએ ઉંધીયુ બનાવવાના આયોજન કર્યા છે. સાથે જ ફૂલેવર અને કોબીજની તો એટલી આવક થઈ છે કે બજારોમાં તે ૧૦ થી ૨૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહ્યુ છે.

આ ઉપરાંત લીલા વટાણા, વાલોર, પાપડી, તુવેરના દાણાની આવક પણ છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહી છે. જો કે હજુ તેના ભાવ અન્ય શાકભાજી કરતા વધુ છે પરંતુ આગામી દિવસોમાં આવક વધતા તેના ભાવ પણ ઘટી શકે છે. શિયાળામાં લીલુ લસણ ખાવુ ખૂબ ફાયદેમંદ ગણાય છે. તેની આવક પણ બજારોમાં શરૂ થઈ છે. લીલા હળદર, આંબા હળદળ, આંમળા અને આદુની આવક વધતા કેટલાક સ્વાસ્થ્યપ્રેમીઓ તેનો જ્યુશ બનાવીને તેનુ સેવન કરી રહ્યા છે. શાકમાર્કેટમાં જાઓ ત્યારે એટલી બધી વેરાયટી જોવા મળે છે કે દિલ ખુશ થઈ જાય. શિયાળો જેમ જેમ જામતો જશે તેમ તેમ શાકભાજીની આવકો વધશે. આવક વધતા હજુ ભાવો ઘટી શકે છે. શાકભાજીની અઢળક આવકથી થાળીમાં દરરોજ નીત નવુ શાક જોવા મળી રહ્યુ છે. ભોજનની થાળીની રોનક વધી ગઈ છે.

## ખૂણેખાંચરેથી

●શહેરના આંતરિક માર્ગો પર આવેલા વૃક્ષોનું યોગ્ય ટ્રીમીંગ ન થતાં સ્ટ્રીટલાઈટનું અજવાળુ રોડ પર પથરાતુ જ નથી.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પણ લગ્નો ખુબ યોજાયા હતા.

●શનિ-રવિની રજાનો માહોલ ચૂંટણી પછી આવતાં કર્મચારીઓએ પરિવાર સાથે રહેવાનું અને સામાજિક પ્રસંગોમાં હાજરી આપવામાં જ વ્યસ્ત જણાયા હતા.

●શહેરમાં આજે કોબા કમલમ્ ખાતે યોજાયેલ ધારાસભ્યોની બેઠકવેળાએ શહેર-જિલ્લાના હોદ્દેદારોએ ખાસ ફરજો અદા કરી હતી.

●સોમવારથી સરકારની વિવિધ કચેરીઓમાં નિયમિત કામગીરી શરૂ થઈ જશે.

●સોમવારે મંત્રીમંડળની શપથવિધિને લઈ જિલ્લાની કચેરીઓ રવિવારે પણ કાર્યરત રહેશે.

●ગાંધીનગર શહેર-જિલ્લાના હવામાનમાં પલ્ટો આવ્યો છે. દિવસ અને રાત્રિના પારામાં ફેરફારો જોવા મળ્યા છે.

●સોમવાર પછી ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી કચેરી માટે જગ્યા શોધવાની કાર્યવાહીને અગ્રતા આપવામાં આવશે.

●ગાંધીનગર શહેરમાં સરકારની રચના અને પ્રકારને લઈ પાટનગરમાં ચર્ચાઓએ જોર પકડ્યું.


●માનવ અધિકાર દિવસની ઉજવણી કરાઈ હતી.

●ચૂંટણીની આચાર સંહિતાનો અમલ પુરો થયેલો ચૂંટણીપંચે જાહેર કરેલ છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ભાઇઓ બહેનો... અમે નથી આવ્યા એટલે વિજળીનુ બીલ સમયસર ભરી દેજો... નહી તો ઓલા નહી છોડે તમને...!!

## પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફાયર સેફ્ટી મોક ડ્રીલ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે શાળાના પરિસરમાં આગની કટોકટી દરમિયાન શું કરવું અને ન કરવું તે અંગે જાગૃતિ લાવવા માટે ફાયર સેફ્ટી મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ આગની કટોકટીમાં કેવી રીતે કાર્ય કરવું અને આગને કાબુમાં લેવા માટે અગ્નિશામકનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવ્યું હતું .

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બે આશ્રમશાળામાં અભ્યાસની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ભીલોડાની બે આશ્રમશાળામાં ગરમ કપડાં, નવા યુનિફોર્મ, ચોપડા, દફતર, પેન્સિલ, પેન, નાસ્તો આપવામાં આવ્યો હતો. સમગ્ર સેવાકાર્યમાં મિલિન્દભાઈ, શ્રૃતિ ગુપ્તે, રાજુ રબારી, ગામેતીભાઈ સાથે હતા.

## સંસ્કાર ગૃપ દ્વારા આજે સે. ૭માં એક્ટિવીટીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

સંસ્કાર ગૃપ દ્વારા પ્રકૃતિના ખોળામાં રહીને પશુ-પંખીઓની અને વનસ્પતિઓ વિશે જાણકારી આપવામાં આવશે. જે રવિવારે ૧૧મીએ સવારે ૯.૧૫ થી ૧૦ વાગ્યા સુધી સેક્ટર-૭ના બગીચામાં યોજાશે.

## એસ.કે.પટેલ કેજી ઈંગ્લિશ મીડીયા શાળામાં ડાય ફિશીંગ એક્ટીવીટી યોજાઈ




ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કેજી. ઈંગ્લિસ મીડીયમ સ્કુલમાં ડાય ફીશીંગ એક્ટિવીટી કરવામાં આવી હતી. જેમાં બાળકોમાં એકાગ્રતા વસ્તુઓને ઓળખવાની ક્ષમતા જોવા મળે છે. એકટીવીટી કરીને બાળકોએ ખુબજ આનંદ પ્રાપ્ત કર્યો હતો.




સેન્ટ ઝેવીયર્સ સ્કૂલ, સેક્ટર-૮ ખાતે એન્યુઅલ સ્પોર્ટ્સ ડે નું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓ માર્ચપાસ્ટમાં ભાગ લઈ વિવિધ રમતોમાં જોડાયા હતા. પ્રાથમિક અને માધ્યમિક બંને વિભાગોના સંયુક્ત સ્પોર્ટ્સ ડે ને વિદ્યાર્થીઓએ માણ્યો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર, મેડલ અને ટ્રોફી આપી બિરદાવવામાં આવ્યા હતા.

## ગાંધીનગર ચિલોડા ખાતે ભાજપના નવનિર્વાચિત ધારાસભ્ય દ્વારા ત્રણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૧૦

આજ રોજ એસ.પી. રિસોર્ટ, મોટા ચિલોડા ખાતે ૩૫ ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના નવા ચૂંટાયેલા ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના ભવ્ય જીત અંતર્ગત ગાંધીનગર તાલુકા દ્વારા આયોજિત ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. તેમણે મહિલા મોરચાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત તમામ મોરચા ની ટીમનો પણ આભાર માન્યો હતો. જિલ્લાની પાંચે પાંચ બેઠક પર ભવ્ય જીત માટે કાર્યકરોને લાખ અભિનંદન પાઠવ્યા હતા.

તો અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે પેજ સમિતિ, શક્તિ કેન્દ્રો, વગેરેએ જવાબદારી ઉઠાવી કાર્યકર્તાઓએ પણ જવાબદારી ઉઠાવી હતી. તેમણે કહ્યું હતું કે આ જીત મોદી સાહેબની છે... મને જે જવાબદારી મળી છે તે નિષ્ઠાપૂર્વક બજવિશ...મને તમારો ભાઈ, તમારો દીકરો જ ગણજો..

આ વિસ્તારમાં તમામ ઘરમાં વિકાસ પહોંચે, ભાજપની વિચારધારા પહોંચે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે



૩૫૧ બુથમાંથી માત્ર ૬૮માં આપણે માઈનસ હતા. હું સૌને સાથે લઈને ચાલવાનું કાર્ય કરીશ...દક્ષિણ બેઠકમાં ત્રણ કાર્યાલય શરૂ કરવાના છે. જેમાં

એક મોટા ચિલોડા, ગાંધીનગર શહેર અને ચાંદખેડામાં શરૂ કરીશું.

દરેક ગામમાં ડિજીટલ લાયબ્રેરી ખોલવાની, દરેક ગામમાં સ્પોર્ટ્સ સંકુલ, તળાવોનું બ્યુટીફિકેસન કરવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આવનારી તમામ ચુંટણીઓમાં તમારી સાથે રહીશ...મારા પર મૂકેલા ભરોસા પર ખરો ઊતરીશ...આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા તથા તાલુકાના હોદ્દેદારશ્રીઓ, ચૂંટાયેલ પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલીસાના ભમરીયા કૂવાના પુનરોધ્ધારના આશય સાથે જન્મદિવસની ઉજવણી

ગાંધીનગર,તા.૧૦

દહેગામના હાલીસા ગામમાં લગભગ ૩૫૦ વર્ષ જૂનો ભમ્મરીઓ કૂવો આવેલો છે જેની રચના ખરેખર અદભુત છે. કૂવામાં નીચે ઉતરવા માટે કૂવાને ગોળ ફરતી સીડીઓ આવેલી છે અને દરેક માળ પર વ્યક્તિ ઉભો રહી શકે તેવી કમાન આકારની જગ્યા આવેલી છે. ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતી સંસ્થા હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા ગત ૩૦ જુલાઈ ૨૦૨૨ ના રોજ આ કૂવાને બે વર્ષ માટે ગ્રામ પંચાયત સાથે એમોયુ કરીને દત્તક લેવામાં આવ્યો હતો. જેમાં કુવાના સંરક્ષણને લગતી કામગીરી તથા ગામમાં પ્રવાસન વિકસે અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને વિવિધ આયોજનો થાય તે બાબતોને એમઓયુમાં આવરી લેવાઈ હતી. ૧૦ ડિસેમ્બર ૨૦૨૨ ના દિવસે હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટરના



સ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી કપિલ ઠાકર ના જન્મદિવસ નિમિત્તે હાલીસા ગામે સ્વસ્તિક હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો, હાલીસા ગામના ગ્રામ પંચાયતના સરપંચ તથા અગ્રણીઓ અને ટીમ અતુલ્ય વારસોના કપિલ ઠાકર, વિષ્ણુસિંહ ચાવડા, રોનક રાણા તથા અજય મકવાણા દ્વારા આ કૂવાની પૂજા કરી વાવની સાફ-સફાઈ તથા સંરક્ષણ માટેની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો. આ સાથે કૂવાની આસપાસની જગ્યાની સફાઈ તથા પ્રવાસીઓ આવી શકે તે માટે ખુલ્લી જગ્યાની વ્યવસ્થા કરવાના પ્રયાસોની શરૂઆત કરવામાં આવી. આગામી સમયમાં હાલીસા ગામના ભમરીયા કુવાને પ્રવાસન દ્રષ્ટિથી વિકસાવવા માટે કુવાની સાફ-સફાઈ, કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા કુવાના સંરક્ષણ, મુલાકાતીઓની સેફટી માટે રેલિંગ તથા વિવિધ સાંસ્કૃતિક પેઈન્ટિંગ દ્વારા કૂવાને વિકસાવવામાં આવશે. કૂવાના પ્રથમ પડથાર પર સાંસ્કૃતિક ચિત્રો પણ જોવા મળે છે. આ સિવાય ગામમાં જૂના મકાનો અને ગામડાની સંસ્કૃતિની ઝલક પણ જોઈ શકાય છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમા રમત મહોત્સવ-૨૦૨૩નું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર દ્વારા આગામી જાન્યુઆરી-૨૦૨૩માં ઉમા રમત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવતા કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના તમામ ગોળ/સમાજના ખેલાડીઓ ઉમા રમત મહોત્સવની નીચે દર્શાવેલ રમતોમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડી/ટીમોએ તા. ૧-૧૨-૨૦૨૨ થી તા. ૧૫-૧૨-૨૦૨૨ સુધીમાં સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલા ફોર્મ તથા નિયત ફી સંસ્થાના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

ઉમા રમત મહોત્સવ-૨૦૨૩માં આ મુજબની રમતોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ઉમા ક્રિકેટ ટૂર્નામેન્ટ-૨૦૨૩ - (ભાઈઓ માટે), ઉમા વોલીબોલ ટૂર્નામેન્ટ-૨૦૨૩ - (ભાઈઓ માટે), ઉમા બેડમિન્ટન ટૂર્નામેન્ટ-૨૦૨૩ - (ભાઈઓ તથા બહેનો માટે) વધુ માહિતી માટે સંસ્થાના યુવા પાંખના ચેરમેન અજયભાઈ પટેલ મોબાઈલ નંબર - ૯૯૨૫૦૩૧૦૮૩ તથા સંસ્થાના ઓડીટર અને ઉમા રમત મહોત્સવ-૨૦૨૩ના કન્વીનર ડી.પી. પટેલ મોબાઈલ નંબર - ૯૮૯૮૭૯૧૬૯૮ નો સંપર્ક કરવાનો રહેશે. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે સ્પોન્સરશીપ તથા દાતાઓ આવકાર્ય છે. આ માટે સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરવાનો રહેશે. ઉમા રમત મહોત્સવ-૨૦૨૩નું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર (જીએમસી) પુરતુ સિમિત છે.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ **પંચાલ રમિલબેન ચંદુભાઈ** હતું તે બદલીને નવું નામ **પંચાલ રમિલાબેન ચંદુભાઇ** રાખેલ છે.

રહેવાસી : સલાલ બજાર, સલાલ, સાબરકાંઠા, પીન-૩૮૩૧૨૦, ગુજરાત, ભારત